SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Western Times (Guj.)**
**Edition:** Ahmedabad | **Date:** June 09, 2011 | **Page No.:** 02 | **Category:** Sterling Hospital

## Successful liver transplant with the help of living donor performed at Sterling Hospital

# સ્ટર્લિંગ હોસ્પિટલમાં જીવિત દાતાનાં લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાયું

**અમદાવાદ,**
સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી ગુજરાતની કોર્પોરેટ હોસ્પિટલ્સમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદની ડોક્ટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવિત વ્યક્તિના લીવરની મદદથી, લીવર સીરોસીસથી પીડાતા વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. આણંદના પર વર્ષની ઉંમરના જનરલ પ્રેક્ટિશનર ડો. કનુભાઈ ગોહિલ અને તેમના સંબંધી પૂનમભાઈ પરમાર ઉપર આ ઓપરેશન ડો. એ. એસ. સોઈન, ડો. હિતેશ ચાવડા, ડો. રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામા આવ્યું હતું.

આ કેસ અંગેની વિગત આપતાં સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદના કન્સલ્ટન્ટ હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડિવિઝન ચીફ ડો. હિતેશ ચાવડાએ જણાવ્યું હતું કે ગયા મહિને ડો. કનુભાઈને પેટની તકલીફ અશક્તિ અને કમળાની ફરિયાદ સાથે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાયું હતું કે તેમને ૨૦ વર્ષ અગાઉ કોઈ રક્તદાતા તરફથી તેમને હીપેટાઈટીસીનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટર્મિનલ લીવર ફેઈલ્યોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા. અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સપ્તાહથી વધુ જીવી શકે તેમ ન હતા. આથી અમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી (લિવિંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો.

આથી તા. ૨૦ના રોજ સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે તેમના પર લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. દાતા તેમ જ દર્દીને હોસ્પિટલમાંથી અનુક્રમે ૭મા અને ૧૨મા દિવસે તંદુરસ્ત અને સ્થિર હાલતમાં રજા આપવામાં આવી હતી.

આ અંગે ડો. ચાવડાએ જણાવ્યું હતું કે ઉપયોગમાં લેવાતા સ્રોતોને ધ્યાનમાં રાખતા એલડીએલટી એક ગણી મોટી કહી શકાય તેવી જટિલ શસ્ત્રક્રિયા છે. લીવર દાતા અને સ્વીકારનાર દર્દી માટે ઓછામાં ઓછા ૩૦ સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર્સની ઓપરેશન પહેલા, દરમિયાન અને પછી જરૂર પડે છે. આ શસ્ત્રક્રિયામાં દર્દીના સંબંધી (ડોનર)ના લીવરનો એક ભાગ દૂર કરીને લીવરની બિમારી ધરાવતા દર્દીમાં બેસાડવામાં આવ્યા હતો.